અપીલ અરજી નં.૫૮ તા.૧૯–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી જસવંતભાઈ કચરાભાઈ વાર્લેકર
સામાવાળાઃ– વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતભાઈ કચરાભાઈ વાર્લેકરની તા.૨૩–૩–૧૦ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૦ ફા.પ્લોટ નં.૭૩ ઈડબલ્યુએસ આવાસ યોજનામાં બ્લોક નં.એ/૩, ફલેટ નં.૧૨ તથા ટીપી સ્કીમ નં.૩૨, ફા.પ્લોટ નં.૧૫૧ માં ફાળવેલ ઈડબલ્યુએસ બ્લોક નં.એ/૫–અ કલાવતીબેન ખંડુભાઈ માતૃકર છેલ્લા વીજીલન્સ ખાતામાં આપેલા બે નિવેદનની કોપી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૫–૧૦ ની **SMC/FAP/** નં.૫૮/૨૦૧૦–૧૧

શ્રી જસવંતભાઈ કચરાભાઈ વાર્લેકરની તા.૨૩–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વી.આઈ.ડી/૧૫૯ તા.૨૧–૪–૧૦ થી આપેલ માહિતી ખોટી અને સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૨ તા.૨૫–૫–૧૦ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં કયા જાહેર માહિતી અધિકારીને અરજી કરેલ તે વિગતો તબદીલી હોય તો તે, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત પણ જણાવેલ નથી તે તથા વીજીલન્સનો રીપોર્ટ ખોટો હોવાના દાવાના સમર્થનમાં જે કોઈ આધાર હોય તે રજૂ કરવા પણ પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૩૫૪ તા.૨–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી વીજીલન્સ વિભાગને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૫૯ તા.૨૬–૩–૧૦ ના પત્રની નકલ, ત્રાહિત વ્યકિતને પાઠવેલ પત્ર નં.વીઆઈડી/૧૮૭૪ તા.૨૯–૩–૧૦ ના પત્રની નકલ, ત્રાહિત વ્યકિતએ આપેલ પ્રત્યુત્તરની તા.૬–૪–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, અરજદારની ફરીયાદ અંગે કરેલ રીપોર્ટની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૩–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે અરજદારે કલાવતીબેન ખંડુભાઈ માતૃકરના છેલ્લા વીજીલન્સ ખાતામાં આપેલ બે નિવેદનના કોપીની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.વીઆઈડી /૧૫૯ તા.૨૧–૪–૧૦ થી " આરટીઆઈ એકટ હેઠળ માંગેલ કલાવતીબેન ખંડુભાઈ માતૃકરે આપેલ નિવેદનોની નકલ તેમની અંગત બાબત હોય આરટીઆઈ એકટથી કલમ–૮(૧)(જી) મુજબ તમોને વીજીલન્સ વિભાગ તરફથી આપી શકાય નહીં" તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૯–૫–૧૦ ના રોજ વીજીલન્સ ખાતાએ તા.૨૨–૯–૦૯ ના રોજ જે રીપોર્ટ આપેલ છે તે રીપોર્ટની વિગતો ખોટી છે. આ રીપોર્ટથી મને સંતોષ નથી. બીજુ કે મે જે નિવેદનોની કોપી માંગી છે તે મને મળવી જોઈએ. આ કારણસર અપીલ કરુ છું તેવું જણાવી અપીલ કરેલ છે. અરજદારે મુળ અરજીમાં પણ નિવેદનો માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તે અંગે ત્રાહિત વ્યકિતને લગતી માહિતી ગણી અરજદારે ત્રાહિત વ્યકિત પાસેથી મુળ અરજીના અનુસંધાને પત્ર નં.વીઆઈડી/૧૮૭૪ તા.૧૯–૩–૧૦ થી તેમના નિવેદનો બાબતે સંમતિ માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે સદર નિવેદનો પોતાની અંગત બાબત જણાવેલ છે. તેથી સંમતિ વિના આપવા નહીં તેમજ નિવેદન આપવાથી ત્રાહિત વ્યકિતએ પોતાની જાનનું જોખમ હોવાનું જણાવેલ છે. આથી તે આપવા સંમત નથી. તેવું જણાવેલ હોવાથી જાહેર માહિતી અધિકારીએ તે બાબતે નિર્ણય લઈ પત્ર નં.વીઆઈડી/૧૫૯ તા.૨૧–૪–૧૦ થી " આરટીઆઈ એકટ હેઠળ માંગેલ માહિતી કલાવતીબેન ખંડુભાઈ માતૃકરે આપેલ નિવેદનોની નકલ એમની અંગત બાબત હોય આરટીઆઈ એકટની કલમ–૮(૧)(જી) મુજબ તમોને વીજીલન્સથી આપી શકાય નહીં." તેવું જણાવેલ છે. સદર વિગતો જોતાં જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ એકટ હેઠળ કાર્યવાહી કરી આરટીઆઈ એકટની અપવાદ હેઠળની કલમ–૮(૧)(જી) હેઠળ લીધેલ નિયમ ગ્રાહય રાખવાજોગ છે. વધુમાં અરજદારની વીજીલન્સ રીપોર્ટ બાબતે મુળ અરજીમાં કોઈ માંગણી કરેલ નથી તેમ છતાં અરજદારને હકીકતલક્ષી માહિતીને ધ્યાને રાખી અરજદારને રીપોર્ટની નકલ પૂરી પાડેલ છે જે બાબતે અપીલ તબકકે અરજદારે રીપોર્ટ ખોટો હોવાની રજૂઆત મુળ અરજીથી અલાયદી રજૂઆત કરેલ છે. જે બાબતે અપીલ તબકકે તે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૨ તા.૨૫–૫–૧૦ થી અપીલમાં જણાવ્યા મુજબ દાવાના સમર્થનમાં જે કોઈ આધાર હોય તે રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૩–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતીમાં નિવેદનો બાબતે જાહેર માહિતી અધિકારીએ કલમ–૮(૧)(જી) હેઠળ લીધેલ નિર્ણયને બહાલ રાખવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી .. . . .જાણ તથા અમલ માટે
(૨) શ્રી જસવંતભાઈ કચરાભાઈ વાર્લેકર,